# બનાસબેંકની ૫૯ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ




૧૯૫૯ માં બનાસકાંઠાના ખેડૂતો અને ગ્રામ્ય લેવલે બેંકિંગ સુવિધા પુરી પાડવા સ્થપાયેલી બનાસબેંકની ૫૯ મી સાધારણ સભા જીલ્લાભરના સહકારી આગેવાનો, ખેડૂતો અને સભાસદોની હાજરીમાં બેંકના ચેરમેન એમ.એલ. ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

પાલનપુર શહેરના ખ્યાતનામ વકીલ અને બનાસબેંકના ચેરમેન એમ.એલ. ચૌધરીએ સહુ આગેવાનો, ખેડૂતો સભાસદોને હ્રદયપૂર્વક આવકાર્યા હતા અને બેંકની પ્રગતિની રૂપરેખા રજુ કરતા જણાવ્યું હતુ કે ગત વર્ષે બનાસબેંકની ડીપોઝીટમાં ૨૦૩ કરોડનો માતબર વધારો થયો છે જે જીલ્લાના પ્રજાજનો અને ખેડૂતોનો જબરજસ્ત વિશ્વાસ દર્સાવે ચે. બેંકની થાપણો ૧૬૫૬ કરોડથી વધુ છે, ધિરાણો પણ ૯૯૫ કરોડથી વધીને ૧૦૨૯ કરોડ, બેંકનું શેરભંડોળ ૬૪ કરોડથી વધી ૬૭ કરોડ, ફંડો ૧૦૭ કરોડથી વધીને ૧૪૬ કરોડ, ચોખ્ખો નફો ૮.૭૦ કરોડ થયેલ છે. ગુજરાતની જીલ્લા બેંકોમા મોખરાનું સ્થાન ધરાવતી બેંકોમાં બનાસબેંક પ્રગતિની હરણફાળ ભરી રહી ચે. આ પ્રગતિ માટે સંચાલક મંડળ, કર્મચારીગણ, થાપણદારોનો વિશ્વાસ, મંડળીઓની સારી કામગીરીનો ફાળો છે, તેમ જણાવીને સહુને બિરદાવ્યા હતા. બનાસબેંક માટે ગ્રાહક તેનો ભગવાન છે ગ્રાહકોને ટેક્રોલોજીની મદદથી શ્રેષ્ઠ અને આધુનિક સેવા આપવા પ્રયત્ન કરી રહ્યા છીએ. બેંકમાં પોતે નિયમીત બેસે છે કોઈ પણ ખેડૂત રૂબરૂ આવીને સમસ્યા હોય તો મળી શકે છે. તેમણે ઉપસ્થિત ખેડૂતોને શીક આપતા જણાવ્યું હતું કે જે હેતુ માટે ધિરાણ મેળવો તે હેતુ માટેજ વાપરશો તો બનાસબેંકના માધ્યમતી આપની પ્રગતિ ઝડપી બની રહેશે. તેમણે બનાસડેરીના ચેરમેન અને રાજ્યના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીના મળી રહેલ સક્રિય સહયોગ બાબતે જાહેર આભાર માન્યો હતો અને તેમના સહયોગ અને આશીર્વાદથી બેંક સતત પ્રગતિ કરી રહી છે તેમ જણાવ્યું હતું ઉપરાંત ગુજરાત બેંક મા વાઈસ ચેરમેન પદે શંકરભાઈ બીરાજમાન હોઈ ગુજરાત બેંકની વિવિધ યોજનાઓનો લાભ લેવામાં ઘણા ઉપયોગી થઈ રહ્યાં છે.

આ પ્રસંગે બનાસડેરીના ચેરમેન અને ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંકના વા. ચેરમેન શંકરભાઈ ચૌધરીએ બનાસબેંકની સર્વાંગી પ્રગતિ બદલ સહુને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલે વ્યારા ખાતે પત્રકારો સાથે શુભેચ્છા મુલાકાત કરી

વ્યારાઃ તાપી જિલ્લાના પ્રવાસે આવેલા રાજયના મહેસૂલ મંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલે સર્કિટ હાઉસ વ્યારા ખાતે જિલ્લાના પ્રિન્ટ અને ઇલેક્ટ્રનિક મીડીયાના પત્રકારો સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી.

મુલાકાત દરમિયાન મંત્રી પટેલે મીડીયાકર્મીઓ સાથે વાત કરતા તેમના પ્રવાસનો આશય સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક યોજી કામગીરીની સમીક્ષા, જિલ્લામાં ચાલતા વિકાસ કામો અંગે માહિતગાર થવા, સંગઠનના કાર્યકરો સાથે વાર્તાલાપ તથા જિલ્લાના વિશિષ્ઠ મહાનુભાવો સાથે મુલાકાત જેવા મુદ્દાઓને લઇને જિલ્લાની મુલાકાતે આવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉપસ્થિત પત્રકાર મિત્રોને જિલ્લાને વિકાસની નવી ઉંચાઇ પર લઇ જઇ શકાય એ માટેના સૂચનો સદા આવકાર્ય છે એમ જણાવ્યું હતું. શુભેચ્છા મુલાકાત દરમિયાન જિલ્લાના પત્રકારોએ પણ મંત્રીને કેટલાક સૂચનો કર્યા હતા.

શુભેચ્છા મુલાકાત બાદ મંત્રી પટેલે વ્યારા ખાતે મિંઢોળા નદી પર બનાવવામાં આવેલા અને તાજેતરમાં જ રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલા સ્વામી વિવેકાનંદ રિવરફ્રન્ટ મુલાકાત લીધી હતી.

# ગિરનારના પગથિયાનું નવીનીકરણનું અત્યાર સુધીનું સૌથી મોટુ કાર્ય હાથમાં લેતી રાજ્ય સરકાર

જૂનાગઢ, હિમાલયથી પણ પ્રાચીન અને જયાં ૩૩ કરોડ દેવતાઓ બિરાજમાન હોવાની શ્રદ્ધાળુઓની શ્રદ્ધા છે તેવા ગરવા ગિરનારના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ જણાવી યાત્રાધામ વિકાસ રાજ્ય મંત્રી અને ગિરનાર યાત્રાધામ વિકાસ મંડળના અધ્યક્ષ શ્રીમતી વિભાવરીબેન દવેએ જૂનાગઢ ખાતે ગિરનારના વિકાસ માટે મળેલી મંડળની પ્રથમ બેઠકમાં કહયું કે ગિરનારના જૂના પગથિયાનું નવીનીકરણનું સૌથી મહત્વનું મોટું કાર્ય હાથ ધરવામાં આવશે. મંત્રીશ્રીએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ચાલતી નિર્ણાયિક સરકાર વિકાસના કામમાં જરા પણ વિલંબ નહીં તેમ જણાવીને ગિરનારના પગથિયાના આ પ્રોજેકટ માટે એક પણ દિવસની મુદત નહી કહી ચાલુ મીટીંગમાં જ યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી કે. એમ. અધ્વર્યુને સર્વે માટેની મંજુરી માટે વન વિભાગને પત્ર રજુ કરવા જણાવતા મીટીંગમાં જ સરકારશ્રીની આ દરખાસ્ત રજુ થઇ હતી. દરખાસ્ત સ્વીકારી વન વિભાગે જણાવ્યું હતું કે ગણતરીના કલાકોમાં સર્વે માટેની મંજુરી આપી દેવાશે.

ગિરનાર સ્થળના વિકાસ માટે શું શું કરી શકાય તે માટે મંડળના સભ્યો, અધિકારીઓ અને સાધુસંતો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા. તમામ સૂચનો અંગે હકારાત્મક નિર્ણય લઇ મંત્રીશ્રીએ આ અંગે વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

મંત્રી શ્રી વિભાવરીબેન દવેએ કહયું કે ગિરનાર માટે કોઇ ફંડ મર્યાદા નથી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજયમાં યાત્રાધામોના વિકાસ માટે બજેટમાં પણ વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. હાલ પ્રાથમિક તબક્કે પાંચ કરોડનીનું ફંડ ઉપલબ્ધ કરી અલગ અલગ યોજનામાં ગિરનાર તીર્થ ક્ષેત્રના વિકાસ માટે પુરતા નાણા ફાળવવામાં આવશે. કામગીરી પારદર્શક રીતે સ્થાનિક સંસ્થાઓ, સભ્યો, સંતો અને સરકારી એજન્સીઓ સાથે પરામર્શ કરીને લોક વિચારને ન્યાય આપીને કરાશે.

ગિરનાર યાત્રાધામ વિકાસ મંડળની મળેલી પ્રથમ બેઠકમાં ગિરનારના પગથિયા નવીનીકરણ તેમજ દર પાંચ-સાત પગથિયે પીવાના પાણીની અને શૌચાલયની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત ગિરનાર પર અંબાજી, માળી પરબ, ગૌરક્ષ ધર્મ સ્થાન અને અન્ય મળી પાંચ સ્થળોએ યાત્રીકો રહી શશે તે માટે ધર્મશાળાનું નવીનીકરણ કરાશે. આ માટે જગ્યાના સંતો અને ટ્રસ્ટો સાથે પરામર્શ કરાશે. પીવાના પાણી માટે વાસ્મો અને પાણી પુરવઠા બોર્ડની યોજના સાથે સંલગ્ન કરીને ભવનાથમાં સમ્પ બનાવી પાણી ઉપર ચડાવાશે.

પગથિયાનું વિસ્તુતિકરણ, અમુક અંતરે વિશ્રામ કુટીર, હાલના પોલીસ મથકોનું નવીનીકરણ અને અલગ પાંચ પોઇન્ટ, જયાં એક બાજુ ખીણ છે તે ગાર્ડ દિવાલ અને રેલીંગ, વીજળીની કાયમી વ્યવસ્થા અને અમુક અંતરે પગથિયા પર શેડ બનાવી સોલાર પેનલ અને સીસીટીવી કેમેરા મુકાશે.

ગિરનારની વૈશ્વિક ઇમેજ માટે એક ટેગ લાઇન તૈયાર કરાશે. જેમાં ૩૩ કરોડ દેવતા, નવ નાથ, ૮૪ સિધ્ધ અને ૬૪ જોગણીનો ઉલ્લેખ કરી એક બ્રાંડ લોગો, પ્રચાર માટે કેમ્પેઇન અને આ ઝૂબેશમાં માનસ મર્મજ્ઞ શ્રી મોરારીબાપુ અને શ્રી રમેશભાઇ ઓઝાને સરકારશ્રી દ્વારા આમંત્રિત કરાશે. ગિરનાર રોપવે માટે સમીક્ષા કરી નિર્ધારીત સમયથી પણ વહેલાસર પ્રોજેકટ શરૂ કરવા માટે સંબંધિત વિભાગને સુચના આપી હતી.

આ મીટીગમાં યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી કે.એમ. અધ્વર્યુ એ ગિરનારના વિકાસ માટે હાથ ધરવામાં આવેલ કાર્યવાહી, એજન્ડા અને આવેલા સુચનો અને હાથ પર લેવાયેલી કામગીરીની માહિતી આપી હતી.

મંડળના સભ્યો મહંત શ્રી ભારતીબાપુ,શ્રી શેરનાથ બાપુ, શ્રી મહેન્દ્રભાઇ મશરુ, શ્રીપ્રદિપભાઇ ખીમાણી અને શ્રી શૈલેષભાઇ દવેએ વિવિધ સુચનો રજુ કર્યા હતા તે અંગે કામગીરી કરી અહેવાલ રજુ કરવા જણાવાયું હતુ.

કલેકટર શ્રી સૌરભ પારધીએ ગિરનારના વિકાસ માટે અત્યાર સુધી થયેલી કામગીરી, નવી જરૂરીયાતો અને યોજના અંતર્ગત જોગવાઇ અંગે પરામર્શ કરી જિલ્લાની ટીમ ગિરનાર તીર્થ ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબધ્ધ છે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં વન વિભાગના ડીસીએફ ડો.સુનિલ બેરવાલે વન વિભાગમાં જરૂરી મંજુરી માટે રાજય અને કેન્દ્રકક્ષાએ કરવાની થતી કાર્યવાહી અંગે માહિતી આપી આવેલી દરખાસ્ત અંગે ઝડપી કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું.

આ મીટીગમાં ડીડીઓ શ્રી પ્રવીણ ચૌધરી, મ્યુ કમિશનર શ્રી પ્રકાશ સોલંકી, એસ.પી. શ્રી નિલેષ જાજડીયા, અધિક કલેકટર શ્રી પી.વી.અંતાણી, ગાંધીનગરના અધિકારી શ્રી બ્રહ્મભટ્ટ તેમજ પ્રવાસન નિગમ,પીજીવીસીએલ અને રોપ વેના અધિકારી તેમજ અન્ય વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# આદિવાસી અને પછાત વિસ્તારોના વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે અધિકારી-પદાધિકારીઓ પરસ્પર અને વ્યવહારૂ અભિગમ અપનાવી પાયાના પ્રશ્નો ઉકેલે તે જરૂરી

વ્યારાઃ રાજયના મહેસૂલ મંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલની ઉપસ્થિતિમાં તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા સંકલન સમિતિ, જિલ્લા આયોજન સમિતિ, વિકેન્દ્રિત જિલ્લા આયોજન સમિતિ અને એટીવીટી યોજનાની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરતા જણાવ્યું હતું કે, જિલ્લાના તમામ અધિકારીઓ પદાધિકારીઓને પરસ્પર સંકલન અને વ્યવહારૂ અભિગમ અપનાવી જિલ્લાને વિકાસની નવી ઉંચાઇએ લઇ જાય એવી કામગીરી કરવા અંગે જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. તેમણે વધુમાં આદિવાસી અને પછાત વિસ્તારોના વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે અધિકારી-પદાધિકારીઓ પરસ્પર અને વ્યવહારૂ અભિગમ અપનાવી પાયાના પ્રશ્નો ઉકેલવા વિકાસ કામો કરે તે જરૂરી છે.

જીલ્લા આયોજન સમિતિમાં ઉપસ્થિત પદાધિકારીઓ સાથે ચર્ચા કરતા પ્રભારી મંત્રી પટેલે જિલ્લા આયોજન સમિતિનો આશય સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, જિલ્લાના વિકાસને સ્પર્શતી તમામ બાબતો જિલ્લા આયોજન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવે છે. જિલ્લાના વિકાસકીય યોજનાઓ સાથે સંકળાયેલા અધિકારીઓ દ્વારા જિલ્લાના વિકાસ માટે જરૂરી બાબતો અંગે ગહન વિચાર વિમર્શ કરી આયોજન તૈયાર કરીને સરકારને મોકલવામાં આવતું હોય છે. સમિતિની બેઠકમાં સમિતિના સભ્યોએ કયા ક્ષેત્રમાં કેટલું અનુદાન મળવું જોઇએ એ બાબતે સૂચનો કરવા માટે બેઠક બોલાવવામાં આવતી હોય છે. જિલ્લા આયોજન સમિતિની બેઠકમાં સાંસદ, ધારાસભ્યો અને અન્ય સભ્યોએ તેમના સૂચનો રજૂ કર્યા હતા.

## ગૌરવ ચોપ્રાની એ ભૂતપૂર્વ કોણ છે, જે ઈચ્છે છે કે, તે ફરીથી નારાયણી શાસ્ત્રી પાસે જતો રહે?



ઝી ટીવીના સપ્તાહના અંતના ચેટ શો, 'જઝબાત... સંગીન સે નમકીન તક'એ દર્શકોને રોહિત અને રોનિત રોય, અદા ખાન, દિવ્યાંકા ત્રિપાઠી, ધિરજ ધૂપર, રાખી સાવંત, બરુણ સોબતી, કરણ પટેલ, આશકા ગોરાડિયા અને અન્ય ઘણા પ્રસિદ્ધ સેલિબ્રિટીઓના વ્યક્તિગત જીવનને નજીકથી જોવાનો અને તેમનાથી નજીક જવાનો મોકો આપ્યો છે. શોના આગામી એપિસોડમાં જૂઓ ભૂતપૂર્વ પ્રેમીઓમાંથી સારા મિત્ર બનેલા ગૌરવ ચૌપ્રા અને નારાયણી શાસ્ત્રીને હોસ્ટ રાજીવ ખંડેલવાલની સાથે પ્રમાણિક સ્વિકાર કરતા.

ગૌરવ અને નારાયણી, જેઓ છેલ્લા ઘણા સમય સુધી સંબંધમાં હતા, તેમના જોડાણ અને તેઓ અલગ થયા પછી પણ કેટલા સારા સંબંધો ધરાવે છે, તે અંગે ચર્ચા કરી હતી. એપિસોડની દરમિયાન, રાજીવએ ગૌરવ અને નારાયણી વિશે પૂછ્યું કે, શું તેમના અલગ થયા પછી ફરીથી ક્યારેય જોડાવાનું વિચાર્યું છે, ત્યારે ગૌરવએ જવાબમાં એક મસ્તીભર્યો પ્રસંગ વર્ણવર્યો. તેને કહ્યું કે, "નારાયણી સાથે અલગ થયાના થોડા વર્ષો બાદ, હું બીજા કોઈની સાથે ડેટ કરી રહ્યો હતો. તે એક દિવસ મારી પાસે નારાયણીનો ફોટો લઈને આવી અને મને ધીમે રહીને બતાવ્યો. તેને પણ મને એવું કહ્યું કે, અમારી બંનેની જોડી વધુ સારી લાગતી હતી અને મારે તેની સાથે ફરીથી જોડાવવા માટે વિચારવું જોઈએ."

રાજીવે તુરંત જ તેને અટકાવ્યો અને પૂછ્યું, "શું તું મૌની રોય વિશે વાત કરે છે?" તેના જવાબમાં ગૌરવએ ખૂબ જ સહજતાથી જવાબ આપ્યો કે, "હું રાષ્ટ્રિય ચેનલ પર કોઈનું નામ લેવા નથી ઈચ્છતો." સારું ગૌરવ, ચાલ વાતને અહીં જ છોડી દઈએ! (૧૯-૮)

## ન્યુબર્ગ ડાયોગ્નોસ્ટિક દ્વારા ન્યુબર્ગ - આઈઓએનએ ટેસ્ટની રજૂઆત




અમદાવાદ, ભારતની અગ્રણી ડાયોગ્નોસ્ટિક્સ ચેઈન ન્યુબર્ગ ડાયોગ્નોસ્ટિક્સ દ્વારા ટેકનોલોજી ટ્રાન્સફર સાથે એનઆઈપીટી સેવાઓમાં વૈશ્વિક અગ્રણી અને ભારતમાં આઈઓએનએ સીઈ-આઈવીડી પ્રોડક્ટ ન્યુબોર્ગ-સુપ્રાટેક અમદાવાદ, ભારતમાં ન્યુબર્ગ સેન્ટર ફોર જિનોમીક મેડિસીન દ્વારા લાવવા માટે યુકેની પ્રીમૈથા હેલ્થ સાથે સહયોગ સાધવામાં આવ્યો છે.

ન્યુબર્ગ ડાયોગ્નોસ્ટિક્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. સંદીપ શાહે કહ્યું હતું, 'અમારો એનઆઈપીટી સાથેનો અનુભવ ઘણો જ પ્રોમિસિંગ રહ્યો છે અને અમારા ક્લિનિકલ પાર્ટનર્સ એનઆઈપીટીને સંપૂર્ણપણે સ્વીકારવા સક્ષમ છે કે જેથી કટોકટીભરી પ્રેગનન્સી સંબંધિત ઉત્તમ મેનેજમેન્ટ માટે હાલની પેરેન્ટલ સ્ક્રીનીંગ સેવાઓને મદદ મળી શકે છે. જો કે અમે આ સાથે ઈન્સ્યોરન્સ સર્વિસ પ્રોવાઈડર્સ અને સરકારી એજન્સીઓ સાથે મળીને પણ કામ કરી રહ્યા છીએ કે જેનાથી મોટી સંખ્યામાં દર્દીઓને થતી આર્થિક મુશ્કેલીમાં તેમને મદદરૂપ થઈ શકાય. એ રીતે સગર્ભા મહિલાઓ દ્વારા અમને જે પ્રોત્સાહન મળશે કે જેઓ તેમના મૂલ્યવાન સંતાનના આરોગ્યને સમજવામાં તેમને મદદ માટે પોસ્ટ -એનઆઈપીટી ટેસ્ટ કરાયા પછી અમારો આભાર વ્યક્ત કરશે.'

ન્યુબર્ગ ડાયોગ્નોસ્ટિક્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. જીએસકે વેલુએ કહ્યું હતું, 'અમારૂ મુખ્ય લક્ષ ડાયોગ્નોસ્ટિક્સ પાર્ટનર તરીકે આધુનિક ટેકનોલોજીનો સ્વીકાર કરીને એનઆઈપીટી જેવા અમારા ક્લિનિકલ સમુદાયને ઉપયોગી એવા ટેસ્ટ માટે અને દર્દીની સારવાર ઉત્તમ રીતે થાય એ માટેનો છે.' (૧૯-૧૦)

## બજાજ ઈલેક્ટ્રિકલ્સે '.nxt upgrade'ની બીજી એડિશનનું આયોજન કર્યું

અમદાવાદ, ભારતમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ફેન, લાઈટિંગ અને એન્જિનીયરિંગ પ્રોજેક્ટમાં અગ્રણી કંપની બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડે આજે અમદાવાદમાં "સ્માર્ટ ઈન્ડોર્સ એન્ડ કનેક્ટેડ આઉટડોર્સ" થીમ હેઠળ '.nxt upgrade'ની બીજી એડિશનનું આયોજન કર્યું હતું. આ એક દિવસીય કાર્યક્રમ કોર્ટયાર્ડ બાય મેરિયોટમાં યોજાયો હતો, જેમાં અગ્રણી આર્કિટેક્ટ, કન્સલ્ટન્ટ, સ્પેસિફાયર્સ, સિટી મેનેજર્સ, ઉચ્ચ સ્તરીય સરકારી વિભાગોનાં ઉચ્ચ સ્તરીય અધિકારીઓ, મુખ્ય નિર્ણયકર્તાઓ અને ડિલર સમુદાયે હાજરી આપી હતી.

ગુજરાતમાં અમદાવાદ સૌથી મોટું શહેર છે અને અમદાવાદ જિલ્લાનું વહીવટી કેન્દ્ર છે. સાથે સાથે અમદાવાદ ભારતમાં સાતમો મોટો મેટ્રોપોલિટન એરિયા ધરાવે છે તથા રાજ્ય માટે મહત્ત્વપૂર્ણ આર્થિક અને ઔદ્યોગિક કેન્દ્ર છે. શહેરમાં ઉદ્યોગસાહસિકતા સારી રીતે વિકસી છે અને અહીંનાં લોકો વ્યાવસાયિક કુનેહ માટે જાણીતા છે એટલે ગુજરાતની વૃદ્ધિનું પ્રેરકબળ બની ગયું છે. અમદાવાદમાં અને તેની આસપાસ ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને ઓટોમોબાઈલ જેવા મુખ્ય ઉદ્યોગો સ્થાપિત થયાં છે. ઉપરાંત અહીં આઈટી ક્ષેત્રનો નોંધપાત્ર વિકાસ થયો છે તેમજ શહેરમાં ઘણી પ્રતિષ્ઠિત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ અતિ કુશળ યુવાન વ્યાવસાયિકોની મોટી સંખ્યાને પોતાની તરફ આકર્ષિત કરવાનું ચાલું રાખ્યું છે. અમદાવાદ ભારતનું પ્રથમ હેરિટેજ સિટી બન્યું છે, સ્માર્ટ સિટી તરીકે વિકસી રહ્યું છે અને ભારતમાં ટોપ ૧૦૦ સ્માર્ટ સિટીઝમાં સ્થાન મેળવવા ઝડપથી અગ્રેસર છે. (૧)

# ચોર્યાસી તાલુકાના જૂના ગામ ખાતે જિલ્લાની પ્રથમ ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલને ખૂલ્લી મૂકતા રમતગમતઃ ઈશ્વરસિંહ પટેલ

સુરતઃ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા અમલમાં મૂકવામાં આવેલી શિક્ષણ સાથે રમતગમતને પ્રોત્સાહન આપતી મહત્વાકાંક્ષી યોજના "જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ" અંતર્ગત ચોર્યાસી તાલુકાના જૂના ગામ ખાતે જિલ્લાની પ્રથમ ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલને રમતગમત,સહકાર યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે આજરોજ ખુલ્લી મૂકવામાં આવી હતી.

ખેલકૂદમાં પ્રતિભાશાળી યુવા/ કિશોરોની ઉજ્જવળ કારકિર્દી માટે રમતની સાથે સાથે જરૂરી શિક્ષણની પણ કાળજી લેવાય તે હેતુસર ખેલ પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણના બેવડા ધ્યેયને ચરિતાર્થ કરવા વર્ષ ૨૦૧૪-૧૫થી 'જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના' શરૂ કરવામાં આવી હતી, જેના અન્વયે ચોર્યાસી તાલુકાના જૂના ગામ (શિવરામપુર) સ્થિત નવચેતન વિકાસ મંડળ દ્વારા સંચાલિત નવચેતન વિદ્યાલયના સંકુલમાં શાળાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે રમતગમત મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું કે, 'જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના' અંતર્ગત વર્તમાન વર્ષથી સુરત જિલ્લાની આ શાળાને જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ તરીકે મંજુરી આપવામાં આવી છે. જેનાથી આસપાસના કાંઠા વિસ્તારના બાળકોને શહેરી વિદ્યાર્થીઓની સમકક્ષ શિક્ષણની સાથે સ્પોર્ટ્સનો સમન્વય સાધી રમતગમત ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી ઘડવાની તક મળશે.

શ્રી પટેલે આ યોજના હેઠળ પ્રવેશ મેળવનાર ખેલાડીઓને વિનામૂલ્યે શિક્ષણ, નિવાસ, ભોજન, સ્પોર્ટસનો ગણવેશ, રમતના સાધનો, વૈજ્ઞાનિક ઢબે તાલીમ, પૌષ્ટીક આહાર, સ્ટાઈપેન્ડ તથા ખેલાડીઓને રૂ. ૧.૦૦ લાખ સુધીનું મેડીક્લેમનું સુરક્ષા કવચ જેવા લાભો અને સુવિધાઓ આપવામાં આવે છે. જે માટે પ્રતિ ખેલાડી દીઠ રાજ્ય સરકાર દ્વારા રૂ.૧.૬૭ લાખ જેટલો માતબર ખર્ચ કરવામાં આવે છે, એમ જણાવી સરકાર હંમેશા યુવા ખેલાડીઓ પ્રત્યે સંવેદનશીલ હોવાનું ભારપૂર્વક ઉમેર્યું હતું. આજે શહેરોમાં શિક્ષણ મેળવવાની હોડ જામી છે, ત્યારે ગ્રામ્ય સ્તરે આવી ઉચ્ચત્તમ સુવિધાયુક્ત શાળાઓના નિર્માણ કરીને રાજ્ય સરકારે ઉભી કરેલી શિક્ષણ સુવિધાઓથી છેવાડાના ગામડાનો વિદ્યાર્થી પણ શહેરના આધુનિક શિક્ષણપ્રાપ્ત વિદ્યાર્થીઓની બરોબરી કરી રહ્યો હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ હજીરા કાંઠાના રિલાયન્સ, એસ્સાર, શેલ, ઓ.એન.જી.સી., એલ.એન્ડ ટી., અદાની, ગેલ જેવા ઉદ્યોગગૃહોને ઢન્જીજી સ્કૂલને ઉપયોગી દાન આપવા તેમજ સી.એસ.આર. હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પટેલે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા ખેલમહાકુંભના આયોજનથી ગયા વર્ષે કુલ ૪૦ લાખ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૩૧ લાખ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હોવાની વિગતો આપી હતી. રાજ્ય સરકાર સ્પોર્ટ્સ માટે રૂ.૪૦૦ કરોડનું બજેટ ફાળવ્યું છે, તેમજ સ્પોર્ટ્સમાં અપ્રતિમ સિદ્ધિ મેળવનારા ખેલાડીઓને રૂ.૪૦ કરોડ અને દિવ્યાંગ ખેલાડીઓને રૂ.૫ કરોડના ઈનામો આપી તેમનો જુસ્સો વધાર્યો હોવાનું તેમણે ગર્વભેર જણાવ્યું હતું.

શ્રી પટેલે સ્પોર્ટ્સના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીનીઓને સ્પોર્ટ્સ કીટ આપી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ એલ.એન્ડ ટી. કંપની દ્વારા અનુદાનિત હોસ્ટેલના ૧ રૂમને રીબિન કાપી ખૂલ્લો મૂક્યો હતો.

નોંધનીય છે કે, ઢન્જીજી સ્કૂલ માટે એલ.એન્ડ ટી. દ્વારા રૂ.૧૪ લાખના ખર્ચે ફર્નિચર સુવિધાઓ તેમજ અદાણી ફાઉન્ડેશન દ્વારા સંકુલમાં નિર્મિત થનાર હોસ્ટેલ માટે ૫૦ ટકા નાણાકીય અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. આ શાળામાં ચાલુ વર્ષમાં એથ્લેટીકસ અને જુડો રમતમાં ૧૧ યંગ ટેલેન્ટ (વાય.ટી.) ખેલાડીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. આ શાળા પાસે ૫૦ ખેલાડીઓની ક્ષમતા ધરાવતી હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે. જયારે ૫ એકર જમીન પર પ્લેટીકસ, જુડો, ખોખો, કબડ્ડી અને વોલીબોલ જેવી રમતોની માખળાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળામાં પસંદ થયેલા ખેલાડીઓને સવાર-સાંજ ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. તેમજ શાળામાં ભણતા બાળકોને ઈનસ્કુલ પ્રોગ્રામ હેઠળ પાંચ પી.ટી.ના પિરીયડમાં નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ઘનિષ્ઠ તાલિમ આપવામાં આવે છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી ઝંખબેન પટેલ અને મુકેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અને ઈન્ચાર્જ કલેકટરશ્રી ડી.કે.પારેખ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સેક્રેટરીશ્રી ડી.ડી.કાપડિયા, નવચેતન વિકાસ મંડળના પ્રમુખશ્રી રમણભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સરપંચશ્રી ભગુભાઈ પટેલ, ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી દલપતભાઈ પટેલ, હજીરા કાંઠા વિકાસ મંડળના પ્રમુખશ્રી છોટુભાઈ પટેલ, રિલાયન્સ, એસ્સાર, શેલ, એલ.એન્ડ ટી., અદાણી અને વેદાંતા કંપનીના અધિકારીશ્રીઓ સહિત શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ પોલીસ તાલીમ મહાવિદ્યાલયની ૨૯૧ મહિલા લોકરક્ષકનો યોજાયો દિક્ષાંત પરેડ સમારોહ

જૂનાગઢ તા.૨૯ જૂનાગઢની રાષ્ટ્રવીર છેલભાઈ દવે પોલીસ તાલીમ મહાવિદ્યાલયની ૨૯૧ મહિલા લોકરક્ષકની આઠ માસની બેઝીક તાલીમ પૂર્ણ થતા બીલખા રોડ સ્થિત પોલીસ તાલીમ મહા વિદ્યાલયના ગ્રાઉન્ડમાં પ્રિન્સિપાલ અને આઇ.જી. શ્રી એમ.એમ.અનારવાલાના અધ્યક્ષ સ્થાને દિક્ષાંત પરેડ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે પરેડ નિરીક્ષણ અને માર્ચ-પાસ્ટ બાદ પોલીસ તાલીમ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ અને આઇ.જી. શ્રી એમ.એમ.અનારવાલાએ દિક્ષાંત પ્રવચનમાં નવનિયુક્ત મહિલા લોકરક્ષકોને જણાવ્યું હતું કે હવે પુરા શિસ્ત સાથે પોલીસ દળમાં ફરજ બજાવવાની છે ત્યારે હંમેશા બંધારણને વફાદાર રહીને રાષ્ટ્રભક્તિ સાથે કર્તવ્ય બજાવીએ. શ્રી અનારવાલાએ વધુમાં જણાવ્યું હતું કે પોલીસે ગમે તે ઘડીએ સમાજના રક્ષણ માટે હંમેશા તત્પર રહેવાનું છે. મહિલા, બાળકો, વૃધ્ધો અને નિઃસહાય સહાય લોકોની પણ મદદ કરવાની છે. બંદોબસ્તથી માંડીને પ્રોટોકોલ મુજબની કામગીરીની જે તાલીમ આપવામાં આવી છે તેનો અમલ કરીને સમાજસેવામાં સરકારે સોંપેલી ફરજમાં સમર્પિત થવાની શીખ આપી હતી.

પોલીસ તાલીમ મહાવિદ્યાલયના પ્રિન્સીપાલશ્રીએ તાલીમ પુર્ણ કરેલ મહિલા પોલીસને કહયું કે હવે તમારે જે તે જિલ્લામાં ફરજ બજાવવાની છે. તમારી કારકિર્દીનો પ્રારંભ થઇ રહયો છે. જીવનમાં તમારી પ્રગતિ થાય અને મહિલા સશકિતકરણ સાથે તમારે સમાજની અને સરકારની અપેક્ષા પ્રમાણે કાર્ય કરીને તમારા પર સરકારે મુકેલા ભરોસાને સાર્થક કરવાનો છે. લોભ અને લાલચથી દૂર રહીને તટસ્થતાથી ફરજ બજાવવા તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રાત્મક રીતે નહિં પરંતુ લોકોને અહેસાસ થાય તે રીતે કામ કરવા માર્ગદર્શન આપ્યું હતુ. "સારે જહાંસે હિન્દુસ્તા " દેશ ભકિતના ગીતની પંકિતઓ રજુ કરીને શ્રી અનારવાલાએ જોમ અને જુસ્સો અને દેશ ભકિતની પણ પ્રેરક વાત કરી હતી.

આ તાલીમ દરમિયાન ઈનડોર અને આઉટડોર શ્રેષ્ઠ કામગીરી અને વિશેષ કૌશલ્યથી કામ કરનાર મહિલા લોક રક્ષકોને શિલ્ડ આપીને આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં રાષ્ટ્રગીત, હથિયારધારી અને બિન હથિયાર ધારી મહિલા લોક રક્ષકોની પરેડનું નિરીક્ષણ, શપથ ગ્રહણ, રાષ્ટ્ર ધ્વજ અને યુનીટ ધ્વજ સાથે માર્ચ પાસ્ટ અને પ્રોટોકલ સ્વાગત બેન્ડ સુરાવલી સાથે કરવામાં આવ્યું હતું. પરેડ કમાન્ડર શ્રી સુનિતા મદનલાલ યાદવ, ઉપાચાર્ય શ્રી સી.એન. ચૌધરી, ડી.વાય.એસ. પી. શ્રી ગોહિલે કાર્યક્રમમાં સંકલન કર્યું હતુ.કાર્યક્રમનું સંચાલન શ્રી રસીક બગથરિયાએ કર્યું હતુ.

**સૂચના**

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com